શનિવાર, 20 ડિસેમ્બર, 2025 પોષ સુદ એકમ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

# દૈનિક પલ્સ

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

✸ મલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ ✸

## દિલ્હીમાં શ્વાસ લેવો મુશ્કેલ: સુપ્રીમ કોર્ટે અમીરોની લક્ઝરીને પ્રદૂષણ માટે જવાબદાર ઠેરવી

દિલ્હીમાં પ્રદૂષણનો પારો જોખમી સ્તરે પહોંચ્યો છે ત્યારે સુપ્રીમ કોર્ટમાં થયેલી સુનાવણીએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. ચીફ જસ્ટિસે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે અમીરોની મોટી ગાડીઓ અને પ્રદૂષણ ફેલાવતા ઉપકરણો રાષ્ટ્રીય રાજધાનીનો શ્વાસ રૂંધી રહ્યા છે. 14 ડિસેમ્બરે સરેરાશ AQI 461 રહ્યો હતો, જે ગંભીર શ્રેણીમાં આવે છે. જમીની હકીકત તપાસતા માલૂમ પડ્યું કે પટપડગંજ જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં કામ કરતા શ્રમિકો આંખોમાં બળતરા અને ફેફસાની બીમારીઓથી પીડાઈ રહ્યા છે.

બીજી તરફ, ગ્રેટર કૈલાશ જેવા પોશ વિસ્તારોમાં લોકો ઘરોમાં એર પ્યુરિફાયર લગાવીને બેઠા છે અથવા શહેર છોડવાની તૈયારી કરી રહ્યા છે. અભ્યાસ મુજબ, વાહનો પ્રદૂષણ માટે 60% જવાબદાર છે, ત્યારબાદ ધૂળ અને બાંધકામ આવે છે. રિપોર્ટ્સ એ પણ સૂચવે છે કે વાયુ પ્રદૂષણની આર્થિક અસર પણ અસમાન છે. અમીરો પોતાની વ્યવસ્થા કરી શકે છે, પણ રસ્તા પર કામ કરતા ગરીબો માટે કોઈ સુરક્ષા કવચ નથી. ભારતમાં દર વર્ષે પ્રદૂષણથી લાખો લોકોના મોત થાય છે.

**દિલ્હીનો ગૂંગળામણભર્યો શ્વાસ: અમીરોનું પ્રદૂષણ અને ગરીબોના મોત; સુપ્રીમ કોર્ટમાં સરકારની ઝાટકણી**

આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં, દિલ્હી સરકાર NCAP હેઠળ ફાળવેલા 13 હજાર કરોડના ફંડનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં નિષ્ફળ રહી છે. હવે માત્ર નાના સુધારાથી કામ નહીં ચાલે, પરંતુ નક્કર પોલિસીની જરૂર છે.



## અમદાવાદ શાળા સ્વેટર વિવાદ DEO નોટિસ

અમદાવાદની ખાનગી શાળાઓ અને DEO કચેરીની સાંઠગાંઠ હોવાના આક્ષેપ સાથે NSUI અને યુથ કોંગ્રેસે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. આક્ષેપ છે કે શાળાઓ વિદ્યાર્થીઓને નિર્ધારિત સ્થળેથી જ સ્વેટર અને પુસ્તકો ખરીદવા મજબૂર કરે છે. આ વિવાદ બાદ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ એક્શનમાં આવીને ઓઢવની સુજ્ઞાન પ્રાથમિક શાળા અને વિરાટનગરની સેંટ માર્ક સ્કૂલને નોટિસ ફટકારી છે. શાળાઓને પૂછવામાં આવ્યું છે કે વિદ્યાર્થી દીઠ રૂ. 10,000નો દંડ કેમ ન વસૂલવો? યોગ્ય ખુલાસો નહીં મળે તો કડક કાર્યવાહી કરાશે.

## વડોદરા: કલાલીમાં અસામાજિક તત્વોએ પીકઅપ વાન સળગાવી

વડોદરા શહેરમાં અસામાજિક તત્વો બેફામ બન્યા હોય તેમ લાગી રહ્યું છે. ગત મોડી રાત્રે કલાલી ફાટક પાસે આવેલી ગોકુલ નગર સોસાયટીમાં એક ચોંકાવનારી ઘટના બની હતી. રસ્તા પર પાર્ક કરેલી એક પીકઅપ વાનમાં બે અજાણ્યા શખસોએ આગ ચાંપી હતી અને પળવારમાં ત્યાંથી પલાયન થઈ ગયા હતા.

બાઈક પર આવેલા શંકાસ્પદ શખસોએ વાન પર જલદ પદાર્થ છાંટી આગ લગાવી હતી, જેના કારણે જોતજોતામાં વાનનો આગળનો ભાગ લપેટમાં આવી ગયો હતો. આકાશમાં ઉઠતા ધુમાડાના ગોટા અને આગની જ્વાળાઓ જોઈને સોસાયટીના રહીશો ઘરની બહાર દોડી આવ્યા હતા. સ્થાનિકોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં વાનને મોટું નુકસાન થયું હતું. ઘટનાની જાણ થતાં જ અટલાદરા પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસને પ્રાથમિક તપાસમાં સીસીટીવી ફૂટેજ હાથ લાગ્યા છે, જેમાં બે શખસોની હિલચાલ કેદ થઈ છે. આ કૃત્ય પાછળ અંગત અદાવત જવાબદાર છે કે પછી માત્ર ભય ફેલાવવાનો ઈરાદો, તે અંગે પોલીસે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે.



**વડોદરા: કલાલીના ગોકુલ નગરમાં અજાણ્યા શખસોએ પીકઅપ વાન ફૂંકી મારી; રહેવાસીઓમાં ફફડાટ**

## વડોદરા: ભાયલીમાં બિલ્ડરની કાર નીચે ચગદાઈ 5 માસની બાળકી



વડોદરા નજીક ભાયલીમાં એક કરુણ અકસ્માત સર્જાયો છે. સાઇટ પર કડિયાકામ કરતા દાહોદના શ્રમિક પરિવારની 5 મહિનાની દીકરી અનન્યા પર બિલ્ડર જીતુ પટેલની ઇનોવા કારનું ટાયર ફરી વળ્યું હતું. બાળકી ગેટ પાસે ગોદડી પર સૂતી હતી ત્યારે સાઇટમાં પ્રવેશતી કારે તેને અડફેટે લીધી હતી. ગંભીર રીતે ઘવાયેલી બાળકીને ગોત્રી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી. વડોદરા તાલુકા પોલીસે બિલ્ડર સામે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

## હલધરવાસ: બિસ્માર રોડ મુદ્દે ગ્રામજનોની ચૂંટણી બહિષ્કારની ચીમકી



ખેડા જિલ્લાના હલધરવાસ ગામમાં મુખ્ય બજારનો માર્ગ છેલ્લા ૧૦ વર્ષથી મરણપથારીએ હોવાથી ગ્રામજનોની ધીરજ ખૂટી છે. વડનગર વિસ્તારથી ગ્રામ પંચાયત કચેરી સુધીનો આ માર્ગ ડામર ઉખડી જવાથી ખાડાઓમાં ફેરવાઈ ગયો છે. આ માર્ગ પર બેંકો, શાળાઓ, હોસ્પિટલો અને મંદિરો જેવી મહત્વની સંસ્થાઓ આવેલી હોવાથી રોજના હજારો લોકો અહીંથી પસાર થાય છે, પરંતુ તંત્રની ઘોર ઉપેક્ષાને કારણે મુસાફરી જોખમી બની છે.

આ સમસ્યાના કાયમી નિવારણ માટે ગામના વિવિધ વેપારી મહાજનો અને નાગરિકોએ જિલ્લા વિકાસ અધિકારીને મળીને ઉગ્ર રજૂઆત કરી છે. ગ્રામજનોની માંગ છે કે આ મુખ્ય માર્ગને ગટર લાઈનની સુવિધા સાથે નવો આરસીસી રોડ બનાવવામાં આવે. રજૂઆતમાં જણાવાયું છે કે આસપાસના ૬૦થી વધુ ગામોના લોકો અહીં ખરીદી માટે આવે છે, છતાં રસ્તાની હાલત ગામડા જેવી પણ રહી નથી. જો વહેલી તકે વહીવટી તંત્ર દ્વારા કામગીરી શરૂ કરવામાં નહીં આવે, તો આગામી સમયમાં યોજાનારી ચૂંટણીઓમાં મતદાન ન કરી બહિષ્કાર કરવાનો નિર્ધાર ગ્રામજનોએ વ્યક્ત કર્યો છે.

## ખાડિયાના મોન્ટુ નામદારને હત્યા કેસમાં આજીવન કેદની સજા

અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટે ખાડિયાના નામચીન શખસ મોન્ટુ નામદારને ભાજપ કાર્યકર્તાની હત્યાના કેસમાં આજીવન કેદની સજા ફટકારી છે. વર્ષ 2022માં ખાડિયાની હજીરાની પોળમાં મોન્ટુએ તેના સાગરીતો સાથે મળીને ફિલ્મી સ્ટાઈલે રાકેશ મહેતા નામના યુવક પર બેઝબોલના બેટ વડે જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં ગંભીર ઈજાઓ થવાને કારણે રાકેશનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

કોર્ટે આ કેસમાં મોન્ટુ નામદાર ઉપરાંત તેના સાગરીતો વિશ્વ રામી, જયરાજ દેસાઈ અને સુનિલ બજાણિયાને પણ આજીવન કેદની સજા સંભળાવી છે. ઉલ્લેખનીય છે કે, મોન્ટુ નામદાર પર આર્મ્સ એક્ટ, જુગાર અને મારામારી સહિતના 27થી વધુ ગુનાઓ નોંધાયેલા છે. તે પોલીસના જાપ્તામાંથી ફરાર થવા માટે પણ જાણીતો છે; 2023માં તે પોલીસને ચકમો આપીને ભાગી છૂટ્યો હતો, પરંતુ એક મહિના બાદ ફરી ઝડપાઈ ગયો હતો. કૌટુંબિક અદાવત અને વર્ચસ્વની લડાઈમાં આચરવામાં આવેલી આ હત્યાના કેસમાં અંતે ન્યાય મળતા મૃતકના પરિવારમાં આશ્વાસન ફેલાયું છે.




**ખાડિયાનો ડોન જેલના સળિયા પાછળ: મોન્ટુ નામદાર સહિત 4 ને આજીવન કેદ, અનેક ગુનાઓમાં હતો સામેલ**

## વાઘોડિયા: ક્રેન તૂટતા શ્રમિકનું મોત, ₹21 લાખના વળતર બાદ મામલો થાળે



વાઘોડિયા GIDCમાં મંગલમ સ્ટીલ કાસ્ટ પ્રા. લિ.માં ક્રેન તૂટતા 40 વર્ષીય શ્રમિક ગુલાબસિંહ પરમારનું મોત થયું છે. કંપની પર બેદરકારી અને પુરાવા નાશ કરવાનો આક્ષેપ કરતા પરિવારે હોબાળો કર્યો હતો. ધારાસભ્ય અને સરપંચની મધ્યસ્થી બાદ કંપનીએ મૃતકના પરિવારને ₹21 લાખની સહાય અને પેન્શનની ખાતરી આપતા મામલો શાંત પડ્યો હતો.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

# અમદાવાદ: મોદી સ્ટેડિયમમાં ભારત-સાઉથ આફ્રિકા ફાઈનલ જંગ

નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચેની ટી-20 સીરિઝની અંતિમ અને નિર્ણાયક મેચનો પ્રારંભ થયો છે. સીરિઝ 1-1 ની બરાબરી પર હોવાથી આજની મેચ જીતીને ટ્રોફી કબજે કરવા માટે ટીમ ઈન્ડિયા સજ્જ છે, ત્યારે ચાહકોમાં પણ અદભૂત ક્રેઝ જોવા મળી રહ્યો છે.

આજે બપોરના 1 વાગ્યાથી જ સ્ટેડિયમના વિવિધ ગેટ્સ પર ચાહકોની કતારો લાગી હતી. મેટ્રો ટ્રેનમાં પ્રેક્ષકોના ભારે ધસારાને કારણે સ્પેશિયલ વ્યવસ્થા કરાઈ હોવા છતાં સ્ટેડિયમ બહાર ભીડ બેકાબૂ બની હતી. ભીડને કાબૂમાં લેવા ગેટ નં. 1 થી 100 ફૂટ રોડની બંને બાજુ બેરિકેટિંગ કરી દેવાતા સામાન્ય જનતાને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ દરમિયાન સુરક્ષા કર્મચારીઓ અને પ્રેક્ષકો વચ્ચે ચકમક પણ ઝરી હતી.

ટીમ ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા માટે




અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને આફ્રિકાથી પણ સ્પેશિયલી ફ્રેન્સ અમદાવાદ પહોંચ્યા છે. સ્ટેડિયમની બહાર 'ઈન્ડિયા ઈન્ડિયા' ના નારા સાથે ચાહકોએ ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. નાના બાળકોથી લઈને વડીલો સુધી દરેકના ચહેરા પર જીતનો આત્મવિશ્વાસ જોવા મળી રહ્યો છે. તિરંગા સાથે સજ્જ ફ્રેન્સ આજની મેચમાં ભારતની જીત માટે આશાવાદી છે.

## અમદાવાદ: કાપડના વેપારી સાથે 16.94 લાખની છેતરપિંડી





અમદાવાદમાં કાપડના વેપારીઓને વિશ્વાસમાં લઈ લાખોનું ફૂલેકું ફેરવવાનો કિસ્સો સામે આવ્યો છે. મણિનગરના એક વેપારી પાસેથી દમયંતી દેવી લાલવાણી, મનીષ બારડીયા અને ઋષભ જૈને ઉધારીમાં લેડીઝ કુર્તીનો માલ ખરીદ્યો હતો. શરૂઆતમાં નિયમિત પેમેન્ટ કરી વિશ્વાસ જીત્યા બાદ આરોપીઓએ ₹16.94 લાખનું પેમેન્ટ અટકાવી દીધું હતું. તપાસમાં બહાર આવ્યું કે આરોપીઓએ આ માલ અન્ય લોકોને સસ્તા ભાવે વેચી રોકડ મેળવી લીધી હતી. વારંવારની માંગણી છતાં પૈસા ન મળતા વેપારીએ ત્રણ શખ્સો સામે છેતરપિંડીનો ગુનો નોંધાવ્યો છે.

## અદાણી માનહાનિ કેસ: કોંગ્રેસને ડીપફેક વીડિયો હટાવવા આદેશ

અમદાવાદની સિવિલ કોર્ટે અદાણી એન્ટરપ્રાઇઝ લિમિટેડ દ્વારા દાખલ કરવામાં આવેલા માનહાનિના દાવામાં વચગાળાની રાહત આપતા કોંગ્રેસ પક્ષ અને તેના ચાર મુખ્ય નેતાઓને 48 કલાકમાં વાંધાજનક ડિજિટલ સામગ્રી હટાવવાનો આદેશ આપ્યો છે. આ કેસમાં જયરામ રમેશ, સુપ્રિયા શ્રીનેત, પવન ખેડા અને ઉદય ભાનુને પ્રતિવાદી બનાવવામાં આવ્યા છે.

AEL એ કોર્ટમાં રજૂઆત કરી હતી કે કોંગ્રેસે તેના X હેન્ડલ પરથી એક ડીપફેક વીડિયો શેર કર્યો હતો, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૌતમ અદાણીની વાતચીતને ખોટી રીતે રજૂ કરી 'મોદી-અદાણી ભાઈ ભાઈ...' જેવી કેપ્શન લખવામાં આવી હતી. કંપનીના જણાવ્યા અનુસાર, આ વીડિયો દ્વારા અદાણી પર ભ્રષ્ટાચાર, જમીન પચાવી પાડવી અને સત્તાના દુરુપયોગ જેવા ગંભીર અને પાયાવિહોણા આક્ષેપો કરવામાં આવ્યા હતા.

કોર્ટે આ બાબતને ગંભીરતાથી લેતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને પણ આદેશ આપ્યો છે કે જો નિર્ધારિત સમયમાં વીડિયો દૂર ન કરવામાં આવે તો આઈટી નિયમો મુજબ કાર્યવાહી કરવી. કોર્ટે સ્પષ્ટ કર્યું કે આ પ્રકારની સામગ્રી કોઈ પણ ચકાસણી વિના મૂકવી તે નુકસાનકારક છે. હવે આ મામલે કોંગ્રેસ પક્ષે 29 ડિસેમ્બર સુધીમાં કોર્ટમાં પોતાનો જવાબ રજૂ કરવાનો રહેશે. ત્યાં સુધી સમાન પ્રકારની કોઈ પણ સામગ્રી પ્રસિદ્ધ કરવા પર પણ રોક લગાવવામાં આવી છે.




**અમદાવાદ સિવિલ કોર્ટનો આદેશ: મોદી-અદાણીનો ડીપફેક વીડિયો પોસ્ટ કરનાર કોંગ્રેસ નેતાઓ સામે કાર્યવાહી**

## અમદાવાદ: ઇસનપુરમાં પોલીસનું સઘન વાહન ચેકિંગ અભિયાન

અમદાવાદ શહેરના ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે પોલીસ દ્વારા વિશેષ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. ગત સાંજે 19 કલાકે ઝોન-6 ના DCP અને ઇસનપુર PI સહિતના ઉચ્ચ અધિકારીઓ તેમજ બે PSI અને હોમગાર્ડના જવાનોના કાફલાએ સૂર્યનગર ચોકી પાસે કલેમ વાહન ચેકિંગ હાથ ધર્યું હતું. આ તપાસ દરમિયાન ખાસ કરીને વાહનો પર લગાડેલી પ્રતિબંધિત બ્લેક ફિલ્મ, જરૂરી દસ્તાવેજો વગરના વાહનો અને અકસ્માત નોતરી શકે તેવી હાનિકારક વસ્તુઓ અંગે કડક કાર્યવાહી કરવામાં આવી હતી. અનેક વાહનોને કાયદેસરની કાર્યવાહી હેઠળ ડિટેઈન કરવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ, શહેરમાં ગુનાખોરી અટકાવવા અને નાગરિકોની સલામતી માટે આ ચેકિંગ આગામી 24 તારીખ સુધી અવિરત ચાલુ રહેશે. પોલીસના આ કડક વલણને પગલે ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. સલામત અમદાવાદના હેતુથી હાથ ધરાયેલી આ કામગીરીને સ્થાનિકોએ પણ આવકારી છે. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



## સાવરકુંડલા: બગદાદ નગરમાં સાયબર સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ

વર્તમાન સમયમાં ડિજિટલ ટ્રાન્ઝેક્શન અને સોશિયલ મીડિયાના યુગમાં સાયબર ઠગ ટોળકીઓ સક્રિય થઈ છે. સાવરકુંડલાના બગદાદ નગરમાં આ પ્રકારની છેતરપિંડીથી લોકોને સુરક્ષિત રાખવા માટે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પોલીસ તંત્ર અને સાયબર એક્સપર્ટ્સ દ્વારા સ્થાનિક લોકોને ડિજિટલ દુનિયામાં સુરક્ષિત રહેવાની ટિપ્સ આપવામાં આવી હતી.

પોલીસ ઇન્સ્પેક્ટર (P.I.) સાહેબે સમજાવ્યું હતું કે કેવી રીતે લોભામણી લાલચો આપીને ગંભીર આર્થિક ગુનાઓ આચરવામાં આવે છે. લોકોને સાયબર હેલ્પલાઇન 1930 નો સંપર્ક કરવા અને કોઈપણ શંકાસ્પદ લિંકથી દૂર રહેવા અનુરોધ કરાયો હતો. આ સેમિનારમાં પિન્ટુભાઈ મલેક, સલીમભાઈ જાદવ, દિલાવરભાઈ ઝાખરા અને અનુ બાપુ સહિતના સામાજિક અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનોએ પોલીસની આ કામગીરીની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે સામાન્ય પરિવારો માટે આ પ્રકારનું જ્ઞાન ખૂબ જ જરૂરી છે, જેથી મહેનતની કમાણી ઠગના હાથમાં ન જાય. મિટિંગમાં પ્રશ્નોત્તરી સત્ર પણ યોજાયું હતું જેમાં લોકોની મૂંઝવણો દૂર કરવામાં આવી હતી. અંતમાં 'જાગૃત રહો, સુરક્ષિત રહો' ના મંત્ર સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો. **રિપોર્ટ : સરફરાઝ ખોખર**




## ડેભારીમાં દૂધ મંડળી દ્વારા આયોજિત ભવ્ય મેડિકલ કેમ્પ

મહીસાગરના વીરપુર તાલુકાના ડેભારી ગામે દૂધ મંડળી અને લાયન્સ ક્લબના સહયોગથી નેત્ર નિદાન અને સર્વરોગ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં 332 ગ્રામજનોની આંખોની તપાસ કરી 213 લોકોને રાહત દરે ચશ્મા અપાયા હતા. સરકારી તબીબો દ્વારા 186 દર્દીઓના સ્વાસ્થ્યની તપાસ કરી વિનામૂલ્યે દવાઓનું વિતરણ કરાયું હતું. મોતિયાના દર્દીઓ માટે મફત ઓપરેશનની સુવિધા પણ ઉપલબ્ધ કરાવાઈ હતી. ડેભારી કેળવણી મંડળ અને અગ્રણીઓએ આ સેવાકાર્યને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## વખા ગોળીયા શાળામાં તમાકુ નિયંત્રણ દિવસ ઉજવાયો

દિયોદર તાલુકાની વખા ગોળીયા પ્રાથમિક શાળામાં તમાકુ નિયંત્રણ દિવસ નિમિત્તે જાગૃતિ કાર્યક્રમ યોજાયો. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રૈયા અને આરોગ્ય મંદિર વખાના સહયોગથી યોજાયેલા કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય બાદ વક્તૃત્વ સ્પર્ધા રાખવામાં આવી. ધોરણ પાંચના વિદ્યાર્થીઓએ ભાગ લઈ તમાકુના દોષો રજૂ કર્યા. વિજેતા બાળકોને ઇનામો આપવામાં આવ્યા. આરોગ્ય કર્મચારીઓ અને શાળાના આચાર્યએ તમાકુ સેવનના શારીરિક, કુટુંબિક અને સામાજિક નુકસાન અંગે માર્ગદર્શન આપ્યું. કાર્યક્રમમાં સ્ટાફ, વાલીઓ અને એસએમસી સભ્યો હાજર રહ્યા.

**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## ST નિગમનો નિર્ણય: હવે એસટી બસમાં મળશે 'ઓન ડિમાન્ડ પેકેજડ ફૂડ'




મુસાફરોની સુવિધામાં વધારો કરવાના હેતુથી એસ.ટી. નિગમ દ્વારા 'ફૂડ ઓન બસ' સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પાયલોટ પ્રોજેક્ટની શરૂઆત અમદાવાદથી થશે, જેમાં પાલડી, રાણીપ અને નહેરૂનગર જેવા મુખ્ય પિકઅપ પોઈન્ટ્સ પર ફૂડ ડિલિવરી આપવામાં આવશે. મુસાફરો નિગમની OPRS સિસ્ટમ દ્વારા ટિકિટ સાથે જ ભોજન બુક કરી શકશે. મુસાફરી દરમિયાન નિર્ધારિત સ્ટોપના ૩ કલાક પહેલા ઓર્ડર આપવાનો રહેશે. આ સુવિધાથી નિગમની આવકમાં વધારો થશે અને મુસાફરોને બસમાં જ ઉચ્ચ ગુણવત્તાયુક્ત પેકેજડ આહાર મળી રહેશે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

## હાથીપગા નિયંત્રણ માટે નાઈટ બ્લડ સર્વે

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખડિયાના માર્ગદર્શન હેઠળ બીલખા, બંધાળા અને માંડણપરા ગામમાં હાથીપગા રોગના નિયંત્રણ માટે નાઈટ બ્લડ સર્વેનું આયોજન કરવામાં આવ્યું હતું. હાથીપગાના પરોપજીવી રાત્રિના સમયે લોહીમાં વધુ સક્રિય હોવાથી, આરોગ્ય ટીમોએ રાત્રિ દરમિયાન ૫ થી ૧૦ વર્ષના બાળકોના લોહીના નમૂના લીધા હતા. આ કામગીરીનું જિલ્લા, તાલુકા અને PHC સુપરવાઈઝરો દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવ્યું હતું. ગ્રામજનોના સહકારથી આ સર્વે સફળ રહ્યો હતો, જેનો હેતુ ભવિષ્યમાં આ ગંભીર રોગના ફેલાવાને અટકાવવાનો છે. **રિપોર્ટ : આશિષ વસાવડા**



## રાજકોટ સ્વદેશી સાઈક્લોથોન અને રન ૨૦૨૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫' અંતર્ગત સ્વદેશી ભાવનાને પ્રોત્સાહન આપવા બે મોટા કાર્યક્રમોનું આયોજન કરાયું છે. ૨૫ ડિસેમ્બરે સવારે ૬:૩૦ કલાકે રેસકોર્ષથી સાઈક્લોથોન અને ૨૮ ડિસેમ્બરે સ્વદેશી રન યોજાશે. ૫ કિલોમીટરના આ રૂટ પર ભાગ લેનાર નાગરિકો માટે rmc.gov.in પર ઓનલાઇન રજિસ્ટ્રેશન ફરજિયાત છે. લકી ડ્રો દ્વારા પસંદ થયેલા ૫ વિજેતાઓને સાઈકલ અને અન્ય ૫ ને આકર્ષક ઇનામો અપાશે. આજે પદાધિકારીઓએ રેસકોર્ષ ખાતે સ્થળ મુલાકાત લઈ વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી.



**રાજકોટમાં ૨૫ અને ૨૮ ડિસેમ્બરે સ્વદેશી સાઈક્લોથોન અને રન યોજાશે. ઓનલાઇન રજિસ્ટ્રેશન ફરજિયાત. લકી ડ્રોમાં સાઈકલ જીતવાની તક.**

## રાઇઝિંગ રાજકોટ પ્રદર્શન ૧૫ જાન્યુઆરી સુધી વિસ્તૃત ચાલુ

રાજકોટ શહેરના સર્વાંગી વિકાસની છેલ્લા ૨૦ વર્ષની સફળતાને ઉજાગર કરતું 'રાઇઝિંગ રાજકોટ' પ્રદર્શન હાલ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ૨૨ નવેમ્બર ૨૦૨૫થી શરૂ થયેલું આ પ્રદર્શન હવે નાગરિકોની માંગણીને માન આપીને ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી ચાલુ રાખવામાં આવશે.

મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર સહિતના પદાધિકારીઓએ જણાવ્યું હતું કે, આ પ્રદર્શન શહેરની વિકાસયાત્રાને સમજવા માટેનું એક શ્રેષ્ઠ પ્લેટફોર્મ સાબિત થયું છે. પ્રદર્શનમાં આધુનિક ટેકનોલોજી અને માહિતીપ્રદ પ્રેઝન્ટેશન દ્વારા રાજકોટે ડિજિટલ સેવાઓ, પર્યાવરણ જાળવણી અને સુશાસન ક્ષેત્રે મેળવેલી સિદ્ધિઓનું વર્ણન કરાયું છે.

રેસકોર્ષ ખાતે આવેલી ડો. શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરીમાં દરરોજ હજારોની સંખ્યામાં મુલાકાતીઓ ઉમટી રહ્યા છે. ખાસ કરીને સ્માર્ટ સિટીના મોડેલ્સ અને શહેરના જૂના તેમજ નવા લૂકને દર્શાવતા ફોટોગ્રાફ્સ યુવાનો અને વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક બની રહ્યા છે. શહેરીજનો આ પ્રદર્શન દરરોજ સવારે ૧૦ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી નિહાળી શકશે. તંત્ર દ્વારા આ પ્રદર્શનની મુદત લંબાવવાના નિર્ણયને શહેરીજનોએ આવકાર્યો છે, જેનાથી જે લોકો હજુ સુધી મુલાકાત લઈ શક્યા નથી તેઓને પણ આ ગૌરવશાળી વિકાસ યાત્રા જોવાનો લ્હાવો મળશે.

**રિપોર્ટ - હાર્દિક ચંદારાણા**




## પાલનપુરમાં પ્રથમ સ્વસ્થ બનાસકાંઠા સ્વાસ્થ્ય પરિષદ યોજાઈ

પાલનપુર ખાતે બનાસકાંઠા જિલ્લાની પ્રથમ "સ્વસ્થ બનાસકાંઠા માટે સ્વાસ્થ્ય પરિષદ" યોજાઈ હતી. પરિષદમાં આરોગ્ય સંબંધિત અગ્રતા ધરાવતા મુદ્દાઓ પર ચર્ચા કરીને ઉપયોગી ભલામણો મેળવવાનો હેતુ રાખવામાં આવ્યો હતો. માતૃ-બાળ કલ્યાણ, કુપોષણ, કેન્સર અને ક્ષયરોગ જેવા વિષયો પર નિષ્ણાતોએ રજૂઆતો કરી. જિલ્લા કલેક્ટર મિહિર પટેલે આરોગ્ય સેવાઓને વધુ લોકલક્ષી બનાવવા સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સમાજના સહયોગ પર ભાર મૂક્યો.

## પાલનપુર નજીક વિદેશી દારૂની મોટી હેરાફેરી પકડાઈ

બનાસકાંઠાના પાલનપુર તાલુકામાં ભારતીય બનાવટના વિદેશી દારૂની હેરાફેરીનો એક ગંભીર બનાવ સામે આવ્યો છે. હાઈવે વિસ્તારમાં ચેકિંગ દરમિયાન એક બલેનો કાર શંકાસ્પદ રીતે આગળ વધતી જોવા મળી હતી. કારને અટકાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ વાહનચાલક રોકાયો નહીં અને આગળ જઈને ટાયર ફાટતાં કાર છોડી ફરાર થઈ ગયો. કારની તપાસ કરતા તેમાં પાસ-પરમિટ વગરનો વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો. કુલ 1367 બોટલો સાથે કાર સહિત લગભગ સાત લાખથી વધુ રૂપિયાનું મૂલ્ય ધરાવતો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

## ટેમ્પોચાલકની બેદરકારીથી વૃદ્ધા ગંભીર રીતે ઇજાગ્રસ્ત, ગુનો નોંધાયો

વડોદરાના ભૂતડીઝાંપા વિસ્તારમાં એક રિક્ષા ટેમ્પોચાલકની ગંભીર બેદરકારી સામે આવી છે. શ્રીનાથ પેટ્રોલ પંપ પાસે રહેતા 83 વર્ષીય વૃદ્ધા જેઠીબેન પરમાર પોતાના ઘર પાસે હતા, ત્યારે રજીસ્ટ્રેશન નંબર GJ-17-Y-7852 ના ટેમ્પોચાલક ઇસ્માઇલ ટોપીએ પોતાનું વાહન ચાલુ હાલતમાં અને અસુરક્ષિત રીતે મૂકી દીધું હતું. બેદરકારીને કારણે ટેમ્પો અચાનક ગબડી આવતા વૃદ્ધા તેની અડફેટે આવી ગયા હતા. આ અકસ્માતમાં વૃદ્ધાને જમણા પગે ફ્રેક્ચર થવા સહિત માથા અને હાથના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી. પરિવારની ફરિયાદના આધારે પોલીસે ટેમ્પોચાલક વિરુદ્ધ લોકોના જીવ જોખમમાં મૂકવા બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અમદાવાદ: રખિયાલમાં ચાઈનીઝ દોરીના જથ્થા સાથે એક ઝડપાયો

અમદાવાદ શહેરમાં ઉત્તરાયણ પૂર્વે ચાઈનીઝ દોરીના જોખમને ડામવા માટે પોલીસ વિભાગ એલર્ટ મોડ પર છે. રખિયાલ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કોડ ટીમે બાતમીના આધારે રખિયાલ અજીત મિલ ચાર રસ્તા નજીક કાર્યવાહી કરીને ચાઈનીઝ દોરીના ટેલરો સાથે એક શખ્સને દબોચી લીધો છે.

પોલીસ કમિશનરના જાહેરનામા ક્રમાંક ૧૩૧/૨૦૨૫ મુજબ ચાઈનીઝ, નાયલોન અને સિન્થેટિક દોરીના વેચાણ અને સંગ્રહ પર સંપૂર્ણ પ્રતિબંધ છે. આ અંતર્ગત રખિયાલ પી.આઈ. બી.જી. ચેતરીયાના માર્ગદર્શન હેઠળ ટીમે પેટ્રોલિંગ દરમિયાન બાપુનગર વિસ્તારમાં રહેતા ૨૦ વર્ષીય અકબર શેખને ઝડપ્યો હતો. આરોપી પોતાની દુકાનમાંથી છૂપી રીતે ૧૯ નંગ પ્રતિબંધિત દોરીના ટેલરો વેચી રહ્યો હતો. પોલીસે ₹૫,૭૦૦ ના મુદ્દામાલ સાથે તેની ધરપકડ કરી છે.

વાહનચાલકોના ગળા કપાવવાના કિસ્સાઓ અને પક્ષીઓની પાંખો કપાતી હોવાથી આ જીવલેણ દોરીનો ઉપયોગ ન કરવા પોલીસ વારંવાર અપીલ કરી રહી છે. તેમ છતાં વધુ નફો કમાવવાની લાલચે કેટલાક વેપારીઓ આ પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ કરે છે. રખિયાલ પોલીસે આ કિસ્સામાં ત્વરિત કાર્યવાહી કરીને કાયદેસરના પગલાં ભર્યા છે. આગામી દિવસોમાં પણ શહેરના અન્ય વિસ્તારોમાં આવા દરોડા પાડવામાં આવે તેવી શક્યતા છે.

**રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**



## વડોદરામાં ઘર આંગણે પાર્ક કરેલી નવી એક્ટિવાની ચોરી

વડોદરાના હરણી રોડ વિસ્તારમાં તસ્કરો ફરી સક્રિય થયા છે. કારેલીબાગની બાલાજીનગર સોસાયટીમાં રહેતા પારુલબેન ઠક્કરની નવી નકોર એક્ટિવાને અજાણ્યો તસ્કર ઘરના આંગણેથી જ ચોરી કરી ફરાર થઈ ગયો છે. મોઢે રૂમાલ બાંધેલો આ તસ્કર મધરાત્રે આશરે ૨:૪૮ વાગ્યે ચાલતો આવ્યો હતો અને ડુપ્લીકેટ ચાવી અથવા લોક તોડીને વર્ષ ૨૦૨૫ના મોડલની નેવી બ્લુ એક્ટિવા ઉઠાવી ગયો હતો. આશરે રૂ. ૯૨,૫૦૦ની કિંમતના વાહનની ચોરી અંગે ઘરની બહાર લગાવેલા સીસીટીવી ફૂટેજમાં તસ્કરની હિલચાલ કેદ થઈ છે. પોલીસે આ મામલે ગુનો નોંધી ચોર ઇસમને પકડી પાડવા તપાસ તેજ કરી છે.

## લોન અપાવવાના બહાને વેપારી સાથે 9.93 લાખની ઠગાઈ

વડોદરાના માંજલપુર વિસ્તારમાં લોન અપાવવાના નામે તાપીના એક વેપારી સાથે લાખોની છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આરોપીઓએ ફરિયાદીને વિશ્વાસમાં લઈ વિવિધ ચાર્જ અને પ્રક્રિયાના બહાને કુલ રૂ. 9,93,045 ઓનલાઇન અને રોકડ સ્વરૂપે પડાવી લીધા હતા. નાણાં ચૂકવ્યા બાદ પણ લોન ન મળતા વેપારીએ ઉઘરાણી કરી હતી, જેના બદલામાં આરોપીઓએ તેની સાથે ઝપાઝપી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સંગઠિત ઠગાઈ મામલે પોલીસે ત્રણ શખ્સો વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## ગોપાલ ઇટાલિયા: વિસાવદરના પ્રશ્નોને બજેટમાં સ્થાન આપવા રજૂઆત



વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ આગામી રાજ્ય બજેટમાં મતવિસ્તારના પડતર પ્રશ્નોને વાચા આપવા રજૂઆત કરી છે. તેમણે ભેંસાણમાં GIDC, વિસાવદરમાં લાયબ્રેરી અને જૂનાગઢમાં એગ્રો ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના કરવાની માંગ કરી છે. આ ઉપરાંત, સીમ વિસ્તારમાં રહેતા ખેડૂતોને ૨૪ કલાક જ્યોતિગ્રામ વીજળી આપવા અને કેરી પકવતા ખેડૂતોને પાક નુકસાનીમાં વળતર આપવાની પણ રજૂઆત કરાઈ છે. આગેવાનો અને કાર્યકરો સાથે મળીને કરાયેલી આ રજૂઆતથી મતવિસ્તારમાં વિકાસની નવી આશા જાગી છે. **રિપોર્ટ : આશિષ વસાવડા**

## રાજકોટમાં ઇતિહાસમાં પહેલીવાર ₹350 કરોડના રોડના કામો શરૂ

રાજકોટમાં છેલ્લા ચોમાસા દરમિયાન થયેલા ભારે ધોવાણ અને પાઇપલાઇન ખોદકામથી જનતાને ભારે હાલાકી વેઠવી પડી હતી. આ હાલાકીને દૂર કરવા મનપા તંત્ર હવે એક્શન મોડમાં આવ્યું છે. શહેરના ઇતિહાસમાં પ્રથમવાર ૧૮ વોર્ડમાં એકસાથે ₹૩૫૦ કરોડના ખર્ચે નવા ડામર રોડ બનાવવાની કામગીરી ડે-નાઇટ ચાલી રહી છે. સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકરના સીધા માર્ગદર્શન હેઠળ ઇજનેરોની ટીમ રાત્રિ દરમિયાન પણ કામગીરીનું સુપરવિઝન કરી રહી છે. ગાંધીનગરની કમિટીએ પણ છેલ્લા એક મહિનામાં ત્રણથી વધુ વખત ઓચિંતી તપાસ કરીને ડામરની ગુણવત્તા ચકાસી છે. કાલાવડ રોડ, રૈયા રોડ અને લક્ષ્મીનગર બ્રિજથી નાના મવા રોડ જેવા મહત્વના માર્ગો નવનિર્મિત થતા હવે ખરા અર્થમાં રાજમાર્ગો જેવા દેખાઈ રહ્યા છે. ચેરમેને સ્પષ્ટ કર્યું છે કે જો રસ્તાની



ગુણવત્તામાં કચાશ જણાશે તો કોન્ટ્રાક્ટર એજન્સીને નોટિસ આપી બ્લેકલિસ્ટ કરવા સુધીના પગલાં લેવામાં આવશે. અત્યાર સુધી માત્ર ખાડા પુરવા પાછળ ખર્ચ થતો હતો, પરંતુ આ વર્ષે કાયમી સોલ્યુશન માટે મજબૂત ડામરના લેયર કરવામાં આવી રહ્યા છે. સામાકાંઠા વિસ્તારમાં પણ કુવાડવા રોડ સહિતના માર્ગો પરફેક્ટ બન્યા છે. તંત્રનો દાવો છે કે આ વર્ષે બનેલા રસ્તાઓ અમદાવાદ કે મુંબઈ જેવા મહાનગરોની બરાબરી કરે તેવા મજબૂત હશે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

## ઈડર: તાલુકા પંચાયતમાં લાંચનું મસમોટું કૌભાંડ, બે ઝડપાયા

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકા પંચાયતમાં કરાર આધારિત ફરજ બજાવતા કર્મચારીઓની લાંચ લેવાની ઉઘાડી લૂંટનો અરવલ્લી એસીબીએ પર્દાફાશ કર્યો છે. ચોરીવાડ, જાદર અને વિરપુર સહિતના ગામોમાં થયેલા વિકાસકામો જેવા કે સેગ્રીગેશન શેડ અને ખારકુવાના બાંધકામના બાકી બિલો મંજૂર કરાવવા માટે એજન્સી પાસે લાંચની માંગણી કરવામાં આવી હતી.

ફરિયાદી પાસે કુલ રકમના 12 ટકા લેખે રૂ. 1,25,000ની માંગણી કરવામાં આવતા તેમણે એસીબીનો સંપર્ક કર્યો હતો. ગઈકાલે ગોઠવાયેલા છટકામાં ક્લસ્ટર કોઓર્ડિનેટર કમલકુમાર નારાયણદાસ પટેલ અને જીનલબેન પટેલ લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. આ કેસમાં અન્ય એક કર્મચારી મેહુલકુમાર રાઠોડની પણ સંડોવણી ખુલી છે, જેણે ટેલિફોનિક વાતચીત દ્વારા લાંચની ગોઠવણ કરી હતી. એસીબી પીઆઈ ટી.એમ. પટેલની ટીમે આ સફળ ઓપરેશન પાર પાડી ભ્રષ્ટ તત્વોમાં ફફડાટ ફેલાવી દીધો છે. હાલ તમામ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

**રિપોર્ટ : સંજીવ શર્મા**




## વડોદરા: કમિશનની લાલચે બેંક એકાઉન્ટ ભાડે આપી ઠગાઈ

વડોદરાના પાણીગેટ વિસ્તારમાં સાયબર ફ્રોડ માટે બેંક એકાઉન્ટ ભાડે આપવાનું વ્યવસ્થિત કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. આ કિસ્સામાં પાર્થ શાહ અને મિહિર સોલંકી નામના બે શખ્સોએ પૂર્વ આયોજિત કાવતરું રચી લોકો સાથે ઓનલાઇન છેતરપિંડી આચરી હતી. તપાસમાં ખુલાસો થયો છે કે પાર્થ શાહે સ્ટેટ બેંકમાં ખાતું ખોલાવી તેના સહી કરેલા કોરા ચેક મિહિરને સોંપ્યા હતા. આ એકાઉન્ટનો ઉપયોગ સાયબર ક્રાઇમના નાણાંની હેરાફેરી માટે થતો હતો. પ્રાથમિક અંદાજ મુજબ, આ ખાતા દ્વારા અંદાજે રૂ. 10 લાખના શંકાસ્પદ વ્યવહારો કરી નાણાં સગેવગે કરવામાં આવ્યા છે. હાલ આ મામલે કાયદેસરની તપાસ હાથ ધરાઈ છે.

## વડોદરા શહેરમાં 31 પ્રોહીબિશન કેસો નોંધાયા

વડોદરા શહેર પોલીસ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં પ્રોહીબિશન અંગે વ્યાપક કાર્યવાહી કરવામાં આવી. દિવસ દરમિયાન કુલ 31 દારૂના કિસ્સાઓ નોંધાયા હતા. આ દરમિયાન દેશી દારૂ 45 લીટર તેમજ ઇંગ્લિશ દારૂની 75 બોટલો અને 111 ક્વાર્ટર મળી કુલ રૂ. 56,328નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. ઉપરાંત દારૂ પીધેલા 21 સહિત કુલ 25 ઇસમોને અટક કરવામાં આવ્યા. આ કાર્યવાહીથી શહેરમાં નશામુક્ત વાતાવરણ જાળવવા અંગે સખત સંદેશો પહોંચ્યો છે.

## નડિયાદ: દલિત દીકરી પર બળાત્કાર ગુજારનારને ૨૦ વર્ષની કેદ

નડિયાદની સ્પેશિયલ કોર્ટે મહિલા સુરક્ષા અને સામાજિક ન્યાયના પક્ષમાં મોટો ચુકાદો આપ્યો છે. અનુસૂચિત જાતિની એક યુવતીને લગ્નની ખોટી લાલચ આપી, પોતે પરણેલો હોવા છતાં તેની સાથે શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજારનાર નરાધમ આરોપીને કોર્ટે તકસીરવાન ઠેરવ્યો છે. ન્યાયાધીશે આ ગંભીર ગુના બદલ આરોપીને ૨૦ વર્ષની સખત કેદ અને રૂ. ૪૦,૦૦૦ના દંડની સજા ફટકારી છે. જો આરોપી દંડ ન ભરે તો વધુ કેદની જોગવાઈ પણ કરવામાં આવી છે. આ ચુકાદાથી પીડિત પક્ષને ન્યાય મળ્યો છે. **રિપોર્ટ : પ્રકાશ વાઘેલા**



## મહેસાણા: જસપુરીયાના ખેતરમાં ગાંજાનું વાવેતર, SOGનો દરોડો

મહેસાણા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપને બાતમી મળી હતી કે સતલાસણાના જસપુરીયા ગામની સીમમાં ગેરકાયદે નશાકારક વનસ્પતિનું વાવેતર થઈ રહ્યું છે. બાતમીના આધારે ભીખાભાઇ પ્રજાપતિના ખેતરમાં તપાસ કરતા કિરણજી ઠાકોર દ્વારા વાવવામાં આવેલા ગાંજાના ત્રણ વિશાળ છોડ મળી આવ્યા હતા. પોલીસે 14.400 કિલોગ્રામ વજન ધરાવતા આ નશીલા છોડ કબજે કર્યા છે, જેની બજાર કિંમત આશરે ₹7.20 લાખ આંકવામાં આવી છે. ડ્રગ્સ વિરોધી અભિયાન હેઠળ પોલીસે મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

**રિપોર્ટ: વિષ્ણુ ઠાકોર**



## ધોળકા: બેફામ દોડતા ઓવરલોડ ડમ્પરોથી અકસ્માતનો ભય

ધોળકા તાલુકાના મુખ્ય માર્ગો અને હાઈવે અત્યારે ઓવરલોડ ડમ્પરોને કારણે જોખમી બની ગયા છે. સરોડા, મધિયા ચોકડી અને ખેડા-બગોદરા હાઈવે પર ઓવરલોડ રેતી ભરેલા ડમ્પરો કોઈ પણ પ્રકારના નિયમોના પાલન વગર પૂરઝડપે દોડી રહ્યા છે. આ ડમ્પરો પર તાડપત્રી કે કાર્પેટ ન બાંધવામાં આવતા હોવાથી રસ્તા પર રેતી ઉડે છે, જે પાછળ આવતા વાહનચાલકો માટે ગંભીર અકસ્માતનું કારણ બની શકે છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ ડમ્પરોને કારણે માત્ર અકસ્માતનો ભય જ નથી, પરંતુ ગ્રામ્ય વિસ્તારોના રસ્તાઓ પણ ખખડધજ બની ગયા છે. આશ્ચર્યની વાત એ છે કે, આટલી મોટી સંખ્યામાં અનિયમિતતા હોવા છતાં ખાણ ખનીજ વિભાગ કે અન્ય જવાબદાર તંત્ર કોઈ નક્કર કાર્યવાહી કરતું નથી. તંત્રની આ નિષ્ક્રિયતા સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે. ગ્રામજનોએ હવે ધોળકા પ્રાંત અધિકારી અને મામલતદારને રજૂઆત કરી ઘોર નિદ્રામાં પોઢેલા તંત્રને જગાડવા અને આ બેફામ દોડતા 'મોતના ડમ્પરો' પર કડક કાયદેસરની કાર્યવાહી કરવા માંગણી કરી છે.



સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ચોટીલા: જે.વી. એચ દોશી શાળામાં હાસ્ય યોગનો અનોખો કાર્યક્રમ

ચોટીલા નગરની જે.વી. એચ દોશી પ્રાથમિક શાળામાં તાજેતરમાં બાળકોને તણાવમુક્ત કરવાના ઉદ્દેશ્યથી 'લાફ્ટર યોગ' કાર્યક્રમનું આયોજન કરાયું હતું. યોગ નિષ્ણાત સમીરભાઈ ઉપાધ્યાયે પોતાની આગવી શૈલીમાં બાળકોને હાસ્યના દાવ કરાવીને સતત અડધો કલાક સુધી ખડખડાટ હસાવ્યા હતા. સંસ્કૃતના શ્લોકો સાથે શરૂ થયેલા આ કાર્યક્રમમાં શાળાનો સમગ્ર સ્ટાફ પણ ઉત્સાહભેર જોડાયો હતો.

કાર્યક્રમ દરમિયાન હાસ્યના વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક પાસાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. શિક્ષિકા નિકિતાબેન ઠાકરે જણાવ્યું હતું કે સુવિધાઓ હોવા છતાં આજે લોકો બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ જેવા રોગોનો શિકાર બની રહ્યા છે કારણ કે તેમના જીવનમાંથી સહજ હાસ્ય ગાયબ થઈ ગયું છે. તેમણે ભાર પૂર્વક કહ્યું કે હાસ્ય એ કોઈ જોક પર આવતી પ્રતિક્રિયા માત્ર નથી, પરંતુ સ્વસ્થ જીવન જીવવા માટેનો એક યોગ છે. વિજ્ઞાન પણ સ્વીકારે છે કે લાફ્ટર યોગ તણાવ દૂર કરી રોગપ્રતિકારક શક્તિ વધારે છે.

આ આયોજન પાછળનો હેતુ બાળકો નાનપણથી જ પ્રસન્ન રહેવાની કળા શીખે તેવો હતો. કાર્યક્રમનું સંચાલન કૃપાબેન ઉગરેજીયા દ્વારા કરવામાં આવ્યું હતું. છેલ્લે પારૂલબેને સૌનો આભાર માન્યો હતો અને રાષ્ટ્રગીત વંદે-માતરમના સમૂહ ગાન સાથે આ યાદગાર કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ હતી.

**રિપોર્ટ : વિક્રમસિંહ જાડેજા**



**હાસ્ય એ જ સર્વશ્રેષ્ઠ ઔષધ: ચોટીલાની શાળામાં યોજાયો હાસ્ય યોગનો પ્રેરણાદાયી કાર્યક્રમ**

## નડિયાદ: પાન પાર્લરમાંથી પ્રતિબંધિત સ્મોકિંગ કોન જપ્ત

નડિયાદ શહેરના મરીડા ભાગોળ રોડ પર આવેલી રોયલ મોટર્સ નજીકની એક દુકાનમાંથી પ્રતિબંધિત નશીલી સામગ્રી ઝડપાતા ખળભળાટ મચી ગયો છે. પાન પાર્લરના નામે ચાલતી આ દુકાનમાં યુવાનોને નશાના માર્ગે દોરતી વસ્તુઓ વેચાતી હોવાની બાતમી મળતા દરોડો પાડવામાં આવ્યો હતો.

તપાસ દરમિયાન દુકાનમાંથી 'સ્ટેસ પ્રો રોલિંગ સ્મોકિંગ કોન' અને 'ગોગો પેપર્સ' ના પેકેટો મળી આવ્યા હતા. આ વસ્તુઓનો ઉપયોગ ખાસ કરીને નશીલા પદાર્થો ભરીને ધૂમ્રપાન કરવા માટે થતો હોય છે. કુલ ₹8,900 ની કિંમતની આ સામગ્રી જપ્ત કરવામાં આવી છે. આ કેસમાં પોલીસે નડિયાદના મરીડા રોડ પર આવેલી હિના પાર્ક સોસાયટીમાં રહેતા આરોપી ઇમરાન ઇસ્માઈલભાઈ મલેકને ઝડપી પાડ્યો છે.

શહેરના રહેણાંક વિસ્તારો અને મુખ્ય માર્ગો પર આવા પ્રતિબંધિત પદાર્થોનું વેચાણ ચિંતાનો વિષય બન્યું છે. આરોપી પાન પાર્લરની આડમાં કેટલા સમયથી આ પ્રવૃત્તિ કરતો હતો અને આ જથ્થો કોની પાસેથી મેળવતો હતો તે અંગે સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે. સ્થાનિક રહીશોએ પણ નશાના આ દૂષણને ડામવા માટે કરવામાં આવેલી આ કામગીરીને આવકારી છે.

**રિપોર્ટ : કિરણ ગોહેલ**



## ધાનપુર: શ્રી આદિવાસી આશ્રમ શાળામાં વિજ્ઞાન મેળો યોજાયો

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકામાં શિક્ષણ અને વિજ્ઞાન પ્રત્યે રુચિ વધારવા માટે તાલુકા કક્ષાના વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન-2025નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ડુંગરપુર સ્થિત શ્રી આદિવાસી આશ્રમ શાળા ખાતે યોજાયેલા આ પ્રદર્શનમાં તાલુકાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) દાહોદના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

આ વર્ષના પ્રદર્શનનો મુખ્ય વિષય 'સમાજ માટે વિજ્ઞાન અને ટેક્નોલોજી' રાખવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ આધુનિક ખેતી, જળ સંચય, અને ગ્રીન એનર્જી જેવા વિષયો પર મનમોહક મોડલ્સ અને શૈક્ષણિક ચાર્ટ્સ રજૂ કર્યા હતા. પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓએ સ્વચ્છતા અભિયાન, પ્લાસ્ટિક મુક્ત ભારત અને કુદરતી સંસાધનોના સંરક્ષણ અંગે ખૂબ જ સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ તકે શિક્ષકો અને વાલીઓએ પણ બાળકોની વૈજ્ઞાનિક દ્રષ્ટિની પ્રશંસા કરી હતી. રિપોર્ટર નરેન્દ્રસિંહ ચૌહાણના અહેવાલ મુજબ, આ પ્રદર્શન ગ્રામીણ બાળકોમાં છુપાયેલી પ્રતિભાને બહાર લાવવા માટે એક સશક્ત પ્લેટફોર્મ સાબિત થયું છે.



## ગુજરાત કોંગ્રેસ: રમેશ ડામોર મહાસચિવ અને જીજ્ઞેશ પારગી સચિવ

ગુજરાતની રાજનીતિમાં હવે સોશિયલ મીડિયા એક નિર્ણાયક શસ્ત્ર બની ગયું છે. ભાજપની ડિજિટલ ક્ષમતા સામે સંઘર્ષ કરવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસે રમેશ ડામોરને મહાસચિવ અને જીજ્ઞેશ પારગીને સચિવ પદે નિયુક્ત કર્યા છે. ૧૭ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ જાહેર થયેલી આ નિમણૂકો કોંગ્રેસના સોશિયલ મીડિયા યુનિટને નવી ઉર્જા આપશે તેવું મનાય છે. દાહોદ જેવા આદિવાસી બહુલ જિલ્લાના પ્રતિનિધિઓને પ્રદેશ કક્ષાએ મહત્વના હોદ્દા આપીને કોંગ્રેસે સ્પષ્ટ કર્યું છે કે આદિવાસી પટ્ટાના પ્રશ્નો તેમની પ્રાથમિકતા રહેશે. રમેશ ડામોર સંગઠનાત્મક કુશળતા અને ડિજિટલ ડેટાના વિશ્લેષણ માટે જાણીતા છે, જે પાર્ટીને નવી વ્યૂહરચના બનાવવામાં મદદરૂપ થશે. બીજી તરફ, જીજ્ઞેશ પારગીના અનુભવ અને જમીની મુદ્દાઓને સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની તેમની ક્ષમતા પર પાર્ટીએ ફરી વિશ્વાસ મૂક્યો છે.

આ નિમણૂકો બાદ બંને નેતાઓએ જણાવ્યું હતું કે તેઓ આગામી દિવસોમાં સરકારના જુઠ્ઠાણા, કિસાન વિરોધી નીતિઓ અને આદિવાસી વિસ્તારોમાં પ્રવર્તતા અન્યાય સામે આક્રમક અભિયાન ચલાવશે. કોંગ્રેસની વિચારધારાને ગામડાંઓ અને યુવાનો સુધી પહોંચાડવા માટે આ બંને નેતાઓ સંકલિત રીતે કાર્ય કરશે. આ ફેરફાર આગામી સમયમાં કોંગ્રેસના ડિજિટલ પ્રચારને વધુ ધારદાર બનાવશે. **રિપોર્ટ : અલ્કેશ પારગી**



**ડિજિટલ મેદાનમાં કોંગ્રેસનો સપાટો: રમેશ ડામોર અને જીજ્ઞેશ પારગીને સોશિયલ મીડિયામાં મહત્વની જવાબદારી - અલ્કેશ પારગી**

## ટ્રાફિક ભંગ અને પ્રતિબંધિત સામગ્રી સામે કાર્યવાહી

શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ સલામતી અને જાહેર વ્યવસ્થા જાળવવા માટે વિવિધ સ્થળોએ નિયમ ભંગ સામે કાર્યવાહી કરવામાં આવી છે. મંજુસર વિસ્તારમાં ટ્રાફિકને અડચણરૂપ રીતે વાહન પાર્ક કરવું અને ગફલતભરી ડ્રાઈવિંગના બનાવો સામે કાર્યવાહી નોંધાઈ છે. વાઘોડિયામાં પ્રતિબંધિત રોલિંગ પેપરના વેચાણનો મુદ્દો સામે આવ્યો છે, જ્યારે વરણામામાં પ્રતિબંધિત સ્મોકીંગ કોન રાખવાનો બનાવ નોંધાયો છે. સાવલી અને ડભોઇ વિસ્તારમાં પુરઝડપે વાહન હંકારવા તેમજ રસ્તા પર અડચણરૂપ પાર્કિંગના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. આવા બનાવોએ માર્ગ સલામતી, ટ્રાફિક શિસ્ત અને જાહેર આરોગ્ય અંગે જાગૃતિ લાવવાની જરૂરિયાત ફરી સ્પષ્ટ કરી છે.

## વિશ્રામપુરામાં પતંગની દોરીથી બાળક દાઝ્યો

વિશ્રામપુરા ગામમાં સાંજના સમયે બનેલી એક ઘટનાએ સૌને ચોંકાવી દીધા. ખેતરમાં પતંગ ચગાવતા 12 વર્ષીય સ્મિત હિતેશકુમાર પરમારની પતંગની દોરી અચાનક ઇલેક્ટ્રિક વાયરમાં ફસાઈ ગઈ હતી. દોરી ખેંચાતા જ જોરદાર ધડાકો થયો અને બાળકને વીજ ઝટકો લાગ્યો. ઘટનામાં સ્મિતના જમણા ખભા, હાથ અને છાતીના ભાગે દાઝી જવાની ઈજાઓ થઈ હતી. આસપાસના લોકોએ તાત્કાલિક મદદ કરી બાળકને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યો. આ બનાવે પતંગ ચગાવતી વખતે વીજ તારોથી દૂર રહેવાની જરૂરીયાત અને બાળકોની સલામતી અંગે ફરી ચેતવણી આપી છે.

## શિનોરમાં એસટી બસ અકસ્માતે એકનું મોત

શિનોર તાલુકાના મોટા ફોફળીયા ગામ નજીક ચીકુવાડી પાસે સાંજના સમયે એક દુઃખદ માર્ગ અકસ્માત સર્જાયો. પાછળથી આવી રહેલી એસટી બસે એક બાઈકને ટક્કર મારતા બાઈકચાલક મેહુલભાઈને ઈજાઓ પહોંચી હતી, જ્યારે પાછળ બેઠેલા સુરેશભાઈ છીતુભાઈ વાઘરીને ગંભીર ઈજાઓ થવાથી તેમનું મોત થયું હતું. ઘટનાથી વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. આસપાસના લોકોએ તાત્કાલિક મદદ પહોંચાડી અને ઈજાગ્રસ્તને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યો. આ અકસ્માતે ગ્રામ્ય માર્ગો પર ભારે વાહનોની ગતિ અને સલામતી અંગે ફરી ચિંતા વ્યક્ત કરાવી છે.

## જરોદમાં રોંગ સાઈડ રીક્ષા અકસ્માત, બાઈકચાલક ઘાયલ

વડોદરા–હાલોલ રોડ પર ક્રીષ્ણા ઇન્ડસ્ટ્રીઝ સામે બપોરના સમયે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો. રોંગ સાઈડમાં આવી રહેલી એક રીક્ષાએ ગોવીંદભાઈ સોલંકીની બાઈકને ટક્કર મારી હતી. અથડામણ એટલી જોરદાર હતી કે બાઈકચાલકને ગંભીર ઈજાઓ પહોંચી અને પગમાં ફ્રેક્ચર થયું. ઘટના બાદ આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા અને ઘાયલને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યો. આ અકસ્માતે મુખ્ય માર્ગ પર ટ્રાફિક શિસ્તના અભાવ અને ખોટી દિશામાં વાહન ચલાવવાના જોખમો ફરી એકવાર સામે લાવ્યા છે.

## કંડારી પાસે બસ પલ્ટી, અનેક મુસાફરો ઘાયલ

નેશનલ હાઈવે નં. 48 પર કંડારી ગામ નજીક વહેલી સવારે એક ખાનગી ટ્રાવેલ્સની બસ અકસ્માતનો ભોગ બની હતી. પટેલ ટ્રાવેલ્સની બસ અચાનક કાબૂ બહાર જતા ગટરલાઈન અને ઝાડ સાથે અથડાઈ પલ્ટી ખાઈ ગઈ હતી. આ ઘટનામાં જનક ભુરાભાઈ વઘાસીયા સહિત અનેક મુસાફરોને ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ હાઈવે પર થોડો સમય અફરાતફરીનો માહોલ સર્જાયો. સ્થાનિકોની મદદથી ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા. આ બનાવે હાઈવે પર મુસાફરી દરમિયાન સલામતીના મુદ્દે ફરી ચિંતા ઊભી કરી છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## બાળકી પર હુમલો કરનાર આરોપી ઝડપાયો, રિકન્સ્ટ્રક્શન કરાયું

મોડાસા તાલુકાના મેઢાસણ ગામની સીમમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. મેશ્વો નદીના કિનારે મોટરસાયકલ પર આવેલા મહેશ સોમાજી નામના શખ્સે સગીર બાળકીની છેડતી કરી હતી. જ્યારે બાળકીએ પ્રતિકાર કર્યો ત્યારે નરાધમે તેના જ હાથમાં રહેલા દાતરડાથી બાળકી પર જીવલેણ હુમલો કર્યો હતો. આ લોહિયાળ હુમલા બાદ ભાગી છૂટેલા આરોપીને રૂરલ પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપીને સાથે રાખી ઘટના સ્થળનું રિકન્સ્ટ્રક્શન પંચનામું કર્યું હતું અને કડક જેલ હવાલે કરી આગળની તપાસ શરૂ કરી છે.



## રાજકોટ: સેન્ટ મેરીઝ સ્કૂલ દ્વારા 'નવરંગ ૨૦૨૫'નું ભવ્ય આયોજન

રાજકોટની સેન્ટ મેરીઝ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓની આંતરિક શક્તિઓને મંચ પૂરું પાડવા માટે ૨૦ અને ૨૧ ડિસેમ્બરના રોજ વાર્ષિક પ્રદર્શન 'નવરંગ ૨૦૨૫'નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન વિદ્યાર્થીઓની મૌલિકતા અને સંશોધક વૃત્તિનું પ્રતિક બની રહેશે. ૨૦ ડિસેમ્બરે સવારે ૮ વાગ્યે શાળાના ઓડિટોરિયમમાં મુખ્ય અતિથિ ડો. સુમિત મુકેશ વ્યાસ (પ્રોજેક્ટ ડાયરેક્ટર, રીજીયોનલ સાયન્સ સેન્ટર) ના હસ્તે પ્રદર્શનને ખુલ્લું મુકાશે. રેવ. ફાધર બિનોય જ્યોર્જ (CMI) પણ આ તકે ખાસ ઉપસ્થિત રહેશે. પ્રદર્શનમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીથી માંડીને સાહિત્ય અને સંગીત સુધીના વિવિધ વિભાગો રાખવામાં આવ્યા છે. તેજસ્વી છાત્ર વર્ધન પ્રણવકુમાર શીંગાળા સહિતના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા પ્રોજેક્ટ્સ તેમની વૈજ્ઞાનિક સૂઝબૂઝનો પરિચય કરાવે છે. મુલાકાતીઓ માટે સમય સવારે ૮:૩૦ થી ૧૨:૩૦ અને



બપોરે ૪:૦૦ થી ૬:૦૦ વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે. શાળાના શિક્ષકો અને મેનેજમેન્ટ દ્વારા આ પ્રદર્શનને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવવામાં આવી છે. વાલીઓ અને રાજકોટની જનતા માટે આ પ્રદર્શન બાળકોના કૌશલ્યને નિહાળવાની એક સુવર્ણ તક છે. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધારશે અને તેમને ભવિષ્યના નવા શિખરો સર કરવા પ્રેરણા આપશે. **રિપોર્ટ - હાર્દિક ચંદારાણા**

## લુણાવાડા: વેરી નદીના પુલ પર કારનો કુરચો બોલી ગયો

મહીસાગર જિલ્લાના લુણાવાડા નજીકથી પસાર થતી વેરી નદીના પુલ પર રવિવારે રાત્રે કાળજું ધ્રુજાવી દે તેવો અકસ્માત સર્જાયો હતો. એક અજાણ્યા ભારે વાહને સ્વિફ્ટ કારને અડફેટે લેતા કારની હાલત જોતા જ અરેરાટી ફેલાઈ ગઈ હતી. અકસ્માત બાદ ફરાર થઈ ગયેલા વાહનચાલક સામે રોષ જોવા મળી રહ્યો છે.

આ અકસ્માતમાં વાવ્યો ગામના પ્રતિષ્ઠિત અગ્રણી એલ.ડી. પટેલ સ્વિફ્ટ કારમાં સવાર હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ટક્કર એટલી પ્રચંડ હતી કે કારના પતરાં વળી ગયા હતા અને એન્જિન સુધીનો ભાગ દબાઈ ગયો હતો. પરંતુ, નસીબજોગે એલ.ડી. પટેલને સામાન્ય ઇજાઓ પહોંચી છે અને તેમનો ચમત્કારિક બચાવ થયો છે. લોકો આ ઘટનાને કુદરતનો કરિશ્મા માની રહ્યા છે.

અકસ્માતની જાણ થતા જ આસપાસના ગ્રામજનો અને રાહદારીઓ મદદ માટે દોડી આવ્યા હતા. પોલીસને જાણ કરવામાં આવતા



સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. ફરાર વાહનને ઝડપી લેવા માટે હાઈવેના સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવી રહ્યા છે. વેરી નદીનો પુલ સાંકડો હોવાથી અવારનવાર અહીં અકસ્માતો સર્જાય છે, ત્યારે આ ઘટનાએ રોડ સેફ્ટી અને સ્પીડ લિમિટના પાલન અંગે ફરી એકવાર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. **રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**

## વરણામા કટ પર અજાણ્યા વાહનની હિટ એન્ડ રન ઘટના

વરણામા કટ પાસે નેશનલ હાઈવે નં. 48 પર મંગળવાર રાત્રે હિટ એન્ડ રનનો દુઃખદ બનાવ બન્યો. અજાણ્યા વાહન ચાલકે પુરઝડપે વાહન ચલાવી રસ્તો પાર કરતા મફતભાઈ મનસુખભાઈ વાઘરીને અડફેટે લીધા હતા. ગંભીર ઈજાઓના કારણે તેમને તાત્કાલિક સારવાર મળે તે પહેલાં જ તેમનું મોત થયું. ઘટના બાદ વાહનચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો. આ અકસ્માતથી વિસ્તારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે અને હાઈવે પર વધતી બેદરકારી સામે ફરી પ્રશ્નો ઊભા થયા છે.

## તલાટીઓનો વિરોધ રંગ લાવ્યો: કૂતરા ગણતરીના આદેશ રદ

રાજ્ય સરકાર દ્વારા ગ્રામ પંચાયતના તલાટીઓને સોંપવામાં આવેલી રખડતા કૂતરાઓની ગણતરીની કામગીરીને લઈને જાગેલો વિવાદ આખરે શાંત પડ્યો છે. સુપ્રીમ કોર્ટના આદેશને ટાંકીને બહાર પાડવામાં આવેલા પરિપત્ર મુજબ, તલાટીઓએ ગામડાઓમાં કૂતરાઓની સંખ્યા અને ખાસ કરીને માદા કૂતરાઓની ઓળખ કરવાની હતી. આ કામગીરીને લઈને તલાટી મંડળે ભારે નારાજગી વ્યક્ત કરી હતી.

તલાટીઓએ દલીલ કરી હતી કે હાલમાં કર્મચારીઓની ભારે ઘટ છે અને એક-એક તલાટી પાસે અનેક ગામોનો ચાર્જ છે. મહેસૂલ, જન્મ-મરણ નોંધણી અને કૃષિ સહાય જેવી મહત્વની વહીવટી કામગીરી વચ્ચે કૂતરાઓની ગણતરી કરવી તે વ્યવહારુ નથી. વળી, નર-માદાની ઓળખ કરવી એ પશુપાલન વિભાગનો વિષય છે. આ કામગીરીને હાસ્યાસ્પદ ગણાવીને તલાટીઓએ રાજ્યવ્યાપી આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. સ્થિતિની ગંભીરતાને પારખીને રાજ્ય સરકારે ત્વરિત નિર્ણય લેતા તલાટીઓને આ કામગીરીમાંથી મુક્ત કર્યા છે અને અગાઉનો પરિપત્ર રદ કર્યો છે. આ નિર્ણયથી રાજ્યના હજારો તલાટીઓએ રાહતનો શ્વાસ લીધો છે.

**રિપોર્ટ : જનક જાદવ**



## આણંદ: ફ્રી સુવિધાના પૈસા લેતી એજન્સીને GSRTC એ ફટકાર્યો દંડ

આણંદ નવું બસ સ્ટેશન ફરી એકવાર વિવાદના કેન્દ્રમાં આવ્યું છે. અહીં આવતા હજારો મુસાફરો પાસેથી નિઃશુલ્ક મળતી પ્રાથમિક સુવિધાઓ જેવી કે સંડાસ અને બાથરૂમના નાણાં વસૂલવામાં આવતા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. જાગૃત મુસાફરોએ આ ગેરરીતિનો વિડિયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો, જે બાદ એસ.ટી. વિભાગની કામગીરી પર સવાલો ઉભા થયા હતા.

ઘટનાની ગંભીરતાને સમજીને GSRTC આણંદ ડેપો દ્વારા ત્વરિત તપાસના આદેશ આપવામાં આવ્યા હતા. તપાસમાં બહાર આવ્યું કે શૌચાલય બ્લોકના સંચાલનનો કોન્ટ્રાક્ટ મહેસાણાની 'કોમલ એન્ટરપ્રાઇઝ' પાસે છે. એજન્સીના કર્મચારીઓ મુસાફરો પાસેથી છૂટથી નાણાં ઉઘરાવતા હતા, જે નિયમ વિરુદ્ધ છે. આ મામલે ડેપો મેનેજરે કડક વલણ અપનાવતા એજન્સીને રૂ. 3,000 નો દંડ કર્યો છે.

નિગમે એજન્સીને આપેલી નોટિસમાં સ્પષ્ટ જણાવ્યું છે કે મુસાફરોને આવી પાયાની સુવિધાઓ વિનામૂલ્યે મળવી જોઈએ. જો ફરીથી કોઈ મુસાફર પાસે પૈસા લેવામાં આવશે તો કોન્ટ્રાક્ટ રદ કરવા સુધીના પગલાં લેવામાં આવશે. આણંદના જાગૃત નાગરિકો અને મુસાફરોએ એસ.ટી. વિભાગની આ ત્વરિત કાર્યવાહીને આવકારી છે. હવે જોવાનું એ રહે છે કે આ દંડ બાદ એજન્સી પોતાની કામગીરીમાં સુધારો કરે છે કે કેમ.



**આણંદમાં મુસાફરો પાસે પૈસા ઉઘરાવતા તત્વો સામે લાલ આંખ: એસ.ટી. નિગમે એજન્સીને ફટકાર્યો દંડ**

## મહેસાણા: સેવા પરમો ધર્મ મંત્ર સાથે જીતુભાઈ પટેલની અવિરત સેવા

મહેસાણાના રાધનપુર રોડ વિકાસ સમિતિના ચેરમેન જીતુભાઈ પટેલ (હસ્તે વાલા) માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. કિશોર અવસ્થાથી સેવામાં જોડાયેલા જીતુભાઈએ ગામમાં વિધવા બહેનોને પેન્શન અપાવવા રૂબરૂ જઈ ફોર્મ ભરાવ્યા હતા. આજે તેઓ દર મહિને 105 વિધવા બહેનોને રાશન કીટ, તેજસ્વી બાળકોની ફી, અને જરૂરિયાતમંદોને વિનામૂલ્યે મેડિકલ સાધનો પૂરા પાડે છે. કોરોનાકાળમાં 2,000થી વધુ રાશન કીટ વિતરણ કરી તેમણે ગરીબોના આંસુ લૂછ્યા હતા. અનેક સંસ્થાઓ સાથે જોડાઈને તેઓ પર્યાવરણ અને જીવદયા માટે પણ સતત કાર્યશીલ છે.



**મહેસાણાના જીતુભાઈ પટેલ 16 વર્ષની ઉંમરથી સેવામાં સક્રિય. વિધવા સહાય, રાશન કીટ અને મેડિકલ સાધનો દ્વારા ગરીબોની બેલી બન્યા.**

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## વડોદરા ક્રાઇમ બ્રાન્ચનું 5 રાજ્યોમાં સર્ચ: 14 ફરાર આરોપીઓ મળ્યા

વડોદરા શહેરમાં ગુના કરી વર્ષોથી અન્ય રાજ્યોમાં નાસી ગયેલા આરોપીઓને પકડવા માટે શહેર પોલીસ દ્વારા એક વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યું છે. પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર અને એડિશનલ સીપી ડૉ. લીના પાટીલના માર્ગદર્શન હેઠળ ક્રાઇમ બ્રાન્ચ અને ઝોન-1 થી 4 ના કર્મચારીઓની કુલ 6 ટીમો બનાવવામાં આવી હતી. આ ટીમોને પંજાબ, હરિયાણા, દિલ્હી, બિહાર અને મહારાષ્ટ્ર રવાના કરવામાં આવી હતી.

પોલીસ ટીમોએ છેલ્લા 10 દિવસ સુધી સ્થાનિક લોકોમાં ભળી જઈ, ટેકનિકલ અને હ્યુમન સોર્સની મદદથી 14 જેટલા નાસતા-ફરતા આરોપીઓની વિગતો મેળવી છે. આ આરોપીઓ અપહરણ, ઘરફોડ ચોરી, બનાવટી દસ્તાવેજ અને પ્રોહિબિશન જેવા ગંભીર ગુનાઓમાં વડોદરાની કોર્ટ દ્વારા 'ફરાર' જાહેર કરવામાં આવ્યા હતા. મહત્વની વાત એ છે કે, આ શોધખોળ દરમિયાન જાણવા મળ્યું કે 14 માંથી 7 આરોપીઓ કુદરતી કે અન્ય કારણોસર મરણ પામ્યા છે. પોલીસે જીવિત આરોપીઓની અટકાયત કરી છે અને મરણ પામેલા આરોપીઓના જરૂરી દસ્તાવેજો મેળવી કોર્ટમાં રજૂ કરવાની તજવીજ હાથ ધરી છે.

### વડોદરા પોલીસનું હાઈટેક ઓપરેશન: અન્ય રાજ્યોમાં છુપાયેલા 14 ફરાર આરોપીઓને શોધી કાઢ્યા, 7 ના મોત થયા હોવાનું ખુલ્યું




## મહીસાગર બ્રેકિંગ: લુણાવાડાના સાત તળાવમાં યુવાનની કરપીણ હત્યા

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના સાત તળાવ ગામેથી મધરાત્રે હત્યાની હચમચાવનારી ઘટના સામે આવી છે. અહીં એક ખેડૂત યુવાનની અજાણ્યા શખ્સો દ્વારા કરપીણ હત્યા કરવામાં આવી છે. આ કમકમાટીભર્યા બનાવને પગલે ગ્રામજનોમાં ભય અને અરેરાટી વ્યાપી ગઈ છે. બનાવની ગંભીરતાને જોતા મહીસાગર એલ.સી.બી., એસ.ઓ.જી. અને ટાઉન પોલીસનો મોટો કાફલો સાત તળાવ ગામે પહોંચ્યો હતો. પ્રાથમિક તપાસમાં હત્યાનું કારણ હજુ અકબંધ છે, પરંતુ પોલીસે અલગ-અલગ દિશાઓમાં તપાસ હાથ ધરી હત્યારાઓને પકડવા કવાયત શરૂ કરી છે. **રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**



### લુણાવાડાના સાત તળાવ ગામે રક્તપાત; ખેડૂત યુવાનની હત્યાથી મહીસાગર પોલીસ દોડતી થઈ

## લુણાવાડા: મોટા સોનેલામાં વાલ્મીકી સમાજનું ભવ્ય સ્નેહમિલન યોજાયું



લુણાવાડાના મોટા સોનેલામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે વાલ્મીકી સમાજનું એક મહત્વપૂર્ણ સ્નેહમિલન સંમેલન યોજાયું હતું. રાજ્યકક્ષાના મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં સમાજના વિકાસ અને શિક્ષણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. મંત્રી દર્શનાબેને પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, શિક્ષણ જ પ્રગતિનું એકમાત્ર સાધન છે. તેમણે વાલ્મીકી સમાજના યુવાનોને ડૉ. બાબાસાહેબ આંબેડકરના આદર્શો પર ચાલીને સંગઠિત થવા અને શૈક્ષણિક રીતે મજબૂત બનવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ અનુ. જાતિ મોરચાના અધ્યક્ષ ગૌતમભાઈ ગેડીયા, જિલ્લા ભાજપ પ્રમુખ દશરથસિંહ બારીયા અને અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીનું સમાજ દ્વારા ભાવભીનું સ્વાગત અને વિશેષ સન્માન કરાયું હતું. સંમેલનમાં સમાજની એકતાને વધુ સુદ્રઢ બનાવવા અને ભવિષ્યના વિકાસલક્ષી આયોજનો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી, જે સમાજ માટે એક નવો માઈલસ્ટોન સાબિત થશે.
**રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**

## ગાંધીનગર: 30 લાખની લાંચ લેતા CID ક્રાઈમના PI પી.કે. પટેલ ઝડપાયા



ગાંધીનગરમાં સી.આઇ.ડી. ક્રાઇમ (સી.આઇ. સેલ) માં ફરજ બજાવતા પોલીસ ઇન્સ્પેક્ટર પી.કે. પટેલ અને એક આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ રૂ. 30 લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ જતાં સમગ્ર રાજ્યના પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે. એસીબી દ્વારા ગોઠવવામાં આવેલી આ ટ્રેપમાં લાંચની મસમોટી રકમ સાથે બંને અધિકારીઓને દબોચી લેવામાં આવ્યા છે.

આ ઘટનામાં સૌથી વધુ ચર્ચાસ્પદ બાબત એ છે કે, આરોપી પી.આઇ. પી.કે. પટેલ ભૂતકાળમાં એસીબીમાં જ ફરજ બજાવી ચૂક્યા છે. જે વિભાગ ભ્રષ્ટાચાર ડામવાનું કામ કરે છે, તેમાં રહી ચૂકેલા અધિકારી જ લાંચ લેતા ઝડપાતા તંત્રની કામગીરી પર સવાલો ઉભા થયા છે. કોઈ ચોક્કસ કેસમાં પતાવટ કરવા અથવા રાહત આપવા માટે આ રકમ માંગવામાં આવી હોવાનું પ્રાથમિક રીતે બહાર આવ્યું છે. એસીબીની ટીમે લાંચની રકમ જપ્ત કરી બંને આરોપીઓની ધરપકડ કરી છે અને તેમની મિલકતો તેમજ અન્ય લિંક્સની પણ તપાસ શરૂ કરવામાં આવી છે.
**રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**

### ગાંધીનગરમાં એસીબીનો મોટો સપાટો: સીઆઇડી ક્રાઇમના પીઆઇ 30 લાખની લાંચમાં ફસાયા

## બેચરાજી: કૃષિ સહાયના પ્રશ્નો અંગે મહામંત્રી રજનીભાઈ પટેલ એક્શનમાં





બેચરાજી વિસ્તારના ખેડૂતોને કૃષિ સહાય પેકેજ મેળવવામાં મુશ્કેલી પડી રહી હોવાની રજૂઆત પૂર્વ ધારાસભ્ય અને પ્રદેશ ભાજપ મહામંત્રી રજનીભાઈ પટેલને કરવામાં આવી હતી. તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ ગોવિંદભાઈ પટેલ સહિતના આગેવાનોએ રજનીભાઈને મળીને પેકેજમાં રહેલી વિસંગતતાઓ દૂર કરવા વિનંતી કરી હતી. રજનીભાઈ પટેલે આ મામલે સમય સૂચકતા દાખવી તાત્કાલિક સંબંધિત મંત્રીને જાણ કરી હતી અને ખેડૂતોના હિતમાં પ્રશ્નનો યોગ્ય નિકાલ લાવવા માટે આશ્વાસન આપ્યું હતું. **રિપોર્ટ : ભુરાજી ઝાલા**

## પાળિયાદ: અમાસ નિમિત્તે વિસામણ બાપુની જગ્યાએ ઉમટ્યું માનવ



બોટાદ જિલ્લાના પાળિયાદ ગામે આવેલી સુપ્રસિદ્ધ વિસામણ બાપુની જગ્યામાં આજે અમાસના પાવન પર્વે શ્રદ્ધાનો સંગમ જોવા મળ્યો હતો. દર અમાસે અહીં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે, ત્યારે આજની અમાસના વિશેષ સંયોગે હજારોની સંખ્યામાં લોકો દર્શનાર્થે આવ્યા હતા. ભાવિકોએ વિસામણ બાપુના ચરણોમાં શીશ ઝુકાવી ઠાકરના દર્શન કર્યા હતા. જગ્યાના મહંત નિર્મળાબા, ભયલુ બાપુ અને પૃથ્વીરાજ બાપુના દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. આસ્થા અને ભક્તિના માહોલમાં લોકોએ પરિવારની સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.
**રિપોર્ટ : મનસુખ વાળા ગઢડા**

## બરવાળા: કમલેશ રાઠોડ ૧૩મી વાર બાર એસો. પ્રમુખ તરીકે બિનહરીફ



બાર કાઉન્સીલ ઓફ ગુજરાતની ગાઈડ લાઈન મુજબ આજે યોજાયેલી ચૂંટણીમાં બરવાળા બાર એસોસિએશનના તમામ હોદ્દાઓ બિનહરીફ જાહેર થયા છે. કોઈ પણ ઉમેદવારે ફોર્મ ન ભરતા મળેલી બેઠકમાં સિનિયર એડવોકેટ કમલેશ રાઠોડને ૧૩મી વખત સર્વાનુમતે પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તેમની સાથે ઉપપ્રમુખ તરીકે જે.બી. થોરીયા, સેક્રેટરી તરીકે એ.આર. ચાવડા અને ખજાનચી તરીકે પી.એચ. સતાણીની વરણી કરાઈ છે. એડવોકેટ કમલેશ રાઠોડે તમામ મિત્રોનો આભાર માની વકીલોના પ્રશ્નો માટે સતત કાર્યરત રહેવાની ખાતરી આપી હતી. **રિપોર્ટ : મનસુખ વાળા ગઢડા**

# અમદાવાદ: વૃદ્ધાઓને છેતરતી રીક્ષા ગેંગના બે શખસો ઝડપાયા



અમદાવાદ શહેરના ખોખરા વિસ્તારમાં અસામાજિક તત્વો અને છેતરપિંડી કરનારાઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. ખોખરા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે બાતમીદારોના નેટવર્કની મદદથી એવી ગેંગને પકડી છે જે માનવતા નેવે મૂકી વૃદ્ધ મહિલાઓની મજબૂરી અને લાલચનો ફાયદો ઉઠાવતી હતી. ઘટનાની વિગતો મુજબ, આરોપી પ્રકાશ મારવાડી અને અર્જુન ડાભી પોતાની રીક્ષામાં વૃદ્ધાઓને પેસેન્જર તરીકે બેસાડતા હતા. રસ્તામાં તેઓ વાતો-વાતોમાં મહિલાઓને પૈસા બમણા કરવાની અથવા અન્ય લાલચ આપી વિશ્વાસ જીતતા હતા. એકવાર મહિલા વિશ્વાસમાં આવી જાય એટલે તેના દાગીના ઉતરાવી લઈને આ શખસો ગાયબ થઈ જતા હતા. ખોખરા પોલીસે ગુરુજી બ્રિજ અને સેવન્ડે સ્કૂલ પાસે વોચ ગોઠવીને આ બંનેને ઝડપી પાડ્યા છે. આરોપી અર્જુન પાસેથી છેતરપિંડી કરીને મેળવેલી સોનાની બુટ્ટી અને કાનસર મળી આવ્યા છે. પ્રાથમિક તપાસમાં તેમણે હાટકેશ્વર પાસે એક વૃદ્ધાને શિકાર બનાવી હોવાનું કબૂલ્યું છે. પોલીસે રૂ. 62,850ના દાગીના અને રૂ. 90,000ની કિંમતની રીક્ષા કબજે કરી છે. આ કામગીરીમાં હેડ કોન્સ્ટેબલ બિપિનકુમાર, અલ્પેશભાઈ અને યશપાલસિંહ સહિતના સ્ટાફે મહત્વની ભૂમિકા ભજવી હતી. પોલીસ હવે એ તપાસ કરી રહી છે કે આ ગેંગે શહેરના અન્ય કયા વિસ્તારોમાં આવી છેતરપિંડી આચરી છે.

**રિપોર્ટ : સાજીદખાન પઠાણ**

**છેતરપિંડીની નવી મોડસ ઓપરેન્ડી: અમદાવાદમાં રીક્ષામાં બેસાડી વૃદ્ધાઓના દાગીના પડાવતી ગેંગનો ખોખરા પોલીસે કર્યો પર્દાફાશ**

## વડોદરા: સેવાસીમાં ઇકો ગાડીની રેસ લગાવનાર બે ડ્રાઈવરોની ધરપકડ

વડોદરા તાલુકાના સેવાસી-ભીમપુરા રોડ પર જોખમી રીતે વાહન હંકારી જાહેર જનતાનો જીવ જોખમમાં મૂકતા બે ડ્રાઈવરોને પોલીસે પાઠ ભણાવ્યો છે. ગત ૧૮ ડિસેમ્બરે સોશિયલ મીડિયામાં એક વિડિયો વાયરલ થયો હતો, જેમાં બે ઇકો વાન ચાલકો રસ્તા પર હરીફાઈ (રેસ) કરી રહ્યા હતા. આ દરમિયાન રસ્તા પરથી પસાર થતા સ્કૂલના બાળકો અને રાહદારીઓ માંડ માંડ બચ્યા હોય તેવા દ્રશ્યો સામે આવ્યા હતા. આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ વડોદરા ગ્રામ્ય એસપીની સૂચનાથી વડોદરા તાલુકા પોલીસે 'ઓપરેશન પરાક્રમ' હાથ ધર્યું હતું. પી.આઈ. વી.એમ. ટાંકના માર્ગદર્શન હેઠળ પોલીસે તપાસ તેજ કરી શેરખી ગામના ૩૯ વર્ષીય જગદીશસિંહ માનસિંહ પરમાર અને ૪૨ વર્ષીય ખુમાનસિંહ ગોપાલભાઈ મકવાણાને ઝડપી પાડ્યા હતા. પોલીસે બંને ઇકો ચાલકો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૧ હેઠળ અલગ-અલગ બે ગુના નોંધી તેમની વાન જપ્ત કરવાની તજવીજ હાથ ધરી છે. આ કાર્યવાહીથી જોખમી રીતે ડ્રાઈવિંગ કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## પાડલીયા હિંસા: ન્યાય માટે ગેનીબેન અને જીગ્નેશ મેવાણીના ધરણા



દાંતા તાલુકાના પાડલીયા ગામે થયેલી હિંસાની ઘટનાએ હવે જોર પકડ્યું છે. આ હિંસામાં ગંભીર રીતે ભોગ બનનાર શક્રાબેનને ન્યાય અપાવવા માટે આજે દાંતા પ્રાંત કચેરી ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના ધારાસભ્ય કાંતિભાઈ ખરાડી, વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી અને બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરની આગેવાનીમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. આગેવાનોની મુખ્ય માંગ છે કે આ ઘટનામાં સંડોવાયેલા તમામ આરોપીઓ અને ફરજમાં બેદરકારી દાખવનાર કે હિંસામાં સામેલ કર્મચારીઓ સામે કડક કલમો હેઠળ FIR દાખલ કરવામાં આવે. ધરણા દરમિયાન ગેનીબેન ઠાકોર અને જીગ્નેશ મેવાણીએ આક્રમક તેવર બતાવતા જણાવ્યું હતું કે, "અમે અત્યારે શાંતિપૂર્ણ રીતે ગાંધી ચીંધ્યા માર્ગે ન્યાય માંગી રહ્યા છીએ, પરંતુ જો તંત્ર આંખ આડા કાન કરશે તો શહીદ ભગતસિંહના રસ્તે લડત આપતા પણ અમને ખચકાટ નહીં થાય." આ આંદોલનને પગલે સ્થાનિક વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

**રિપોર્ટ : વિષ્ણુ ઠાકોર**

## પાડલીયાના આદિવાસીઓને ન્યાય અપાવવા કોંગ્રેસના નેતાઓ મેદાને



દાંતા તાલુકાના પાડલીયા ગામે આદિવાસી સમાજના નિર્દોષ લોકોના ઘર તોડી પાડી તેમને પાયમાલ કરવાના મુદ્દે ભારે વિવાદ સર્જાયો છે. તંત્રની જોહુકમી સામે અવાજ ઉઠાવવા આજે દાંતા પ્રાંત કચેરી ખાતે સાંસદ ગેનીબેન ઠાકોર, ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, કાંતિભાઈ ખરાડી, અને આદિવાસી ડિપાર્ટમેન્ટના ચેરમેન રાજેન્દ્ર પારઘી સહિતના નેતાઓ ધરણા પર બેઠા હતા.

નેતાઓએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે, આદિવાસીઓને ઘરવિહોણા કરી દેવા છતાં વહીવટી તંત્ર તેમની ફરિયાદ લેવા તૈયાર નથી. આ ગંભીર અન્યાય સામે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપૂત, દિનેશ ગઢવી અને એલ.જે. ચારેલ સહિત સર્વ સમાજના લોકોએ સમર્થન જાહેર કર્યું છે. આ તકે "જય જોહાર" ના નારા સાથે હુંકાર કરવામાં આવ્યો કે જો પીડિતોને ન્યાય નહીં મળે તો આ લડાઈ માત્ર દાંતા પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિવાસી વિસ્તારમાં જલદ આંદોલન છેડવામાં આવશે. "લડેંગે જીતેંગે" ના સૂત્ર સાથે ન્યાયની માંગ બુલંદ કરવામાં આવી છે. **રિપોર્ટ : વિષ્ણુ ઠાકોર**

## ભાવનગર: કારના ચોરખાનામાંથી 2.50 લાખનો દારૂ ઝડપાયો




**ભાવનગરમાં હાઈટેક બૂટલેગિંગનો પર્દાફાશ: કારના તળિયે બનાવેલા ખાનામાંથી LCB એ ઝડપ્યો દારૂનો મોટો જથ્થો**

31 ડિસેમ્બરની ઉજવણીને ધ્યાને રાખી ભાવનગર પોલીસ એલર્ટ મોડ પર છે. આ દરમિયાન લોકલ ક્રાઇમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. બાતમીના આધારે પોલીસે સીદસરથી ભાવનગર તરફ આવતી એક સફેદ કલરની ટ્રાઇબર કારને વોચ ગોઠવી અટકાવી હતી. પ્રથમ નજરે ખાલી દેખાતી આ કારની ઝીણવટભરી તપાસ કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી, કારણ કે કારની નીચેના ભાગે ખાસ 'ચોરખાના' બનાવવામાં આવ્યા હતા. આ ગુપ્ત ખાનાઓમાંથી મધ્યપ્રદેશ માર્કિંગ ધરાવતી ઇંગ્લીશ દારૂની કુલ 912 બોટલ મળી આવી હતી, જેની કિંમત અંદાજે 2.50 લાખ રૂપિયા થાય છે. પોલીસે ઘટનાસ્થળેથી મધ્યપ્રદેશના અલીરાજપુરના કિશન હરૂભાઇ રાઠવાની ધરપકડ કરી છે. પૂછપરછમાં સામે આવ્યું છે કે આ જથ્થો ભાવનગરના અશ્વિન બારૈયા અને જેન્તી ઉર્ફે જેનુ ગોહિલને પહોંચાડવાનો હતો. પોલીસે દારૂ, 7 લાખની કાર અને મોબાઈલ મળી કુલ 9.55 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને ફરાર ત્રણ શખ્સોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

**રિપોર્ટ : ઝીશાન ખૂંટ**

## ભાવનગર: દારૂના ધંધામાં સંડોવાયેલ અલ્પેશ મકવાણા જેલહવાલે



ભાવનગર શહેરમાં અસામાજિક પ્રવૃત્તિઓ ડામવા માટે વહીવટી તંત્ર અને LCBએ કડક કાર્યવાહી હાથ ધરી છે. પ્રોહિબિશનના અનેક ગુનાઓમાં સંડોવાયેલ ભરતનગરના ૩૮ વર્ષીય અલ્પેશ ઉર્ફે લાલા પ્રવિણભાઈ મકવાણા સામે પાસા (PASA) નું શસ્ત્ર ઉગામવામાં આવ્યું છે. લોકલ ક્રાઇમ બ્રાન્ચે તૈયાર કરેલી દરખાસ્તને જિલ્લા મેજિસ્ટ્રેટે મંજૂરી આપતા વોરંટ ઈશ્યુ કરવામાં આવ્યું હતું. જેની બજવણી કરી આરોપીને ભાવનગરથી સીધો વડોદરા મધ્યસ્થ જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યો છે.. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**

**ભાવનગર LCBનો મોટો ફટકો: દારૂની પ્રવૃત્તિમાં સંડોવાયેલ ઇસમ પર PASA, વડોદરા મધ્યસ્થ જેલ હવાલે**